ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૩૩ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૧૪-૦૮-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૦.૭૫ ● પાના : ૨

## આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮ ખાતે

# લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં સહયોગથી સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સર્વોત્કર્ષ સેવા સંસ્થાનના સહયોગથી આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે સ્ટ્રેટ મેનેજમેન્ટનો ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો. ગત તારીખ ૫ થી ૭ ઓગષ્ટ, ૨૦૧૪ દરમ્યાન યોજાયેલા આ વર્કશોપમાં શાળાની ધોરણ.૧૦ અને ૧૨ ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. લાયોનેસ ક્લબનાં પ્રમુખ શ્રીમતી ચંદાબહેન યાદવ, સેક્રેટરી શ્રીમતી ડિમ્પલબહેન દેસાઈ, ટ્રેઝરર શ્રીમતી દક્ષાબહેન જાદવ અને પ્રોજક્ટ ઈન્ચાર્જ શ્રીમતી નીતાબહેન રાણા, શાળાનાં આચાર્યા શ્રીમતી કુસુમબહેન ચૌહાણ, રેક્ટર શ્રીમતી રેણુકાબહેન ગામીત વગેરેએ ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય દ્વારા વર્કશોપનો પ્રારંભ કરાવ્યો હતો.

શાળાના આચાર્યા શ્રીમતી કુસુમબહેને અતિથિઓને આવકારતાં વિદ્યાર્થીનીઓની સર્વાંગીણ ઉન્નતિ માટે શાળા દ્વારા થઈ રહેલી પ્રવૃત્તિની માહિતી આપી હતી. આ વર્કશોપમાં વિષય નિષ્ણાત તથા સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીઓને સ્ટ્રેસ ઉત્પન્ન કરતા કારણો તથા તેના નિવારણના વૈદિક ઉપાયો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને અભ્યાસ દરમ્યાન વિષય ન સમજમાં આવવાથી ઉત્પન્ન થતા સ્ટ્રેસને દૂર કરવા શું કરવું જોઈએ, ભણેલા વિષયો યાદ ન રહેતા હોય અને તેને કારણે સ્ટ્રેસ ઉત્પન્ન થાય તો શું કરવું જોઈએ વગેરે વિષયો ઉપર વિસ્તારથી સમજણ આપી હતી.

યોગ નિષ્ણાત શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ વિદ્યાર્થી જીવનમાં સફળ થવાના ઉપાયો વિશે માર્ગદર્શન આપવાની સાથે સ્ટ્રેસને દૂર કરવા ઉપયોગી એવા ધ્યાનનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપ્યું હતું. માનવ મસ્તિષ્કને વધારે કાર્યક્ષમ બનાવવામાં પ્રાણાયામ કઈ રીતે ઉપયોગી થાય છે તેની સમજ આપી પ્રાણાયામનો અભ્યાસ પણ કરાવ્યો હતો. અંતિમ સત્રમાં યોગાભ્યાસી શ્રી ગમનભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી વિદ્યા પ્રાપ્ત કરવાની પ્રાચીન વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપર સંક્ષિપ્તમાં સમજ આપી હતી.

સ્ટ્સ મેનેજમેન્ટનાં વર્કશોપના અંતિમ સત્રમાં સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ જગત સાથે સંકળાયેલા જાણીતા સમાજસેવી શ્રી અજમલભાઈ આર્ય ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિદ્યાર્થીનીઓને સરસ્વતીની સાચી ઉપાસના કરી કેવી રીતે સફળ થવાય તે અંગ માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે લાયોનેસ ક્લબનાં પૂર્વ પ્રમુખ શ્રીમતી મમતાબહેન રાવલે વિદ્યાર્થીનીઓને પૂરી એકાગ્રતાથી, તન્મયતાથી દરેક કાર્ય કરવા પ્રેરણા આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને ત્રણ એસ અર્થાત હેન્ડ, હેડ અને હાર્ટ આ ત્રણને સાથે રાખીને સભાનતાપૂર્વક કાર્ય કરવા શીખ આપી હતી.

સમાપન પ્રસંગે પોતાના વકતવ્યમાં શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે સમસ્યાઓનું સમાધાન કરતા ન આવડતું હોવાથી તથા ખોટી માન્યતાઓના કારણે આપણે સ્ટ્રેસ ઉત્પન્ન કરતા હોઈએ છીએ. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસ સંબંધિત સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરવું તેની માહિતી આપી હતી. માતાપિતા તથા ગુરુજનો પ્રત્યે મનમાં આદરભાવ સતત બનેલો રહે તે માટે કેવી રીતે વિચારવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.




વર્કશોપના પ્રતિભાવ આપતા શાળાની વિદ્યાર્થીનીઓએ તણાવમુક્ત અભ્યાસમાં શિબિર દરમ્યાન મળેલ જ્ઞાન ખૂબ ઉપયોગી થશે અને તેઓ પોતાની દિનચર્યામાં તથા વિચારસરણીમાં જરૂરી ફેરફાર કરશે તેવો સંકલ્પ દહોરાવ્યો હતો. સમાપન સમારોહનાં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તથા આભારવિધિ શાળાની ધોરણ ૯ ની વિદ્યાર્થીનીઓ કુ. પલક સિંધવ અને કુ. મનિષા મકવાણાએ કર્યું હતું. સમાપન પ્રસંગે અંતમાં શિક્ષક શ્રી વિપુલ સી. ઉપાધ્યાયે પણ સૌનો આભાર માન્યો હતો.


# ‘અગ્નિપથ’ને ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા શુભેચ્છા....

## સતત સમાજ ઉપયોગી સેવા કરતી સંસ્થા

૧. વેદોનો પ્રામાણિક રૂપે પ્રચાર-પ્રસાર કરવો.
૨. વૈદિક પુસ્તકલાય અને વાંચનાલય. વેદને લગતાં અલભ્ય અમુલ્ય ગ્રંથોનો વિશાળ સંગ્રહ.
૩. દૈનિક યજ્ઞ, સાપ્તાહિક સત્સંગ, પારિવારિક સત્સંગ દ્વારા પંચમહાયજ્ઞોનો પ્રચાર તથા વૈદિક પર્વોની ઉજવણી
૪. બાળકો તથા યુવા વર્ગના નિર્માણ માટે દર રવિવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ શાખા લાગે છે. જેમાં કરાટે, આસન, પ્રાણાયામ, રાયફલ શુટીંગ, ભારતીય રમતો, વ્યાયામની સાથે યજ્ઞ અને નૈતિક પ્રશિક્ષણ આપવામાં આવે છે.
૫. વેદ તથા ઋષિઓ દ્વારા પ્રતિપાદિત પદ્ધતિથી બાળકોની યાદશક્તિ તથા ગ્રહણ શક્તિની સાથે વ્યક્તિ વિકાસનાં વર્કશોપનું આયોજન કરવું.
૫. શાળા કોલેજોના યુવા વર્ગમાં વૈદિક પ્રવચન દ્વારા નિબંધ સ્પર્ધા દ્વારા વેદપ્રવેશ પુસ્તિકા દ્વારા વેદ અને વૈદિક ધર્મ અંગેની જાણકારી આપવી.
૬. યજ્ઞ પર્યાવરણ પ્રદૂષણને નિયંત્રિત કરવાનો અસરકારક વૈદિક ઉપાય છે. યજ્ઞની સામગ્રીમાં અદ્ભૂત ઔષધિય ગુણો છે. તેનું સૌથી પ્રથમ અને પ્રામાણિક પ્રદર્શન તૈયાર કર્યુ છે. જેનો હજારો લોકોએ લાભ લીધો છે.
૭. પર્યાવરણ-પ્રદૂષણની સમસ્યા યજ્ઞો દ્વારા ઉકેલવા માટે પ્રયત્નો કરવો.
૮. માનવ શરીરની શુદ્ધ આર્યુવેદ પદ્ધતિથી અલ્પ મુલ્યે થતી સારવાર અંગે પુસ્તકો દ્વારા પ્રચાર.
૯. ગૌ-રક્ષા તથા સંવર્ધન માટે પ્રયત્નો કરવા તથા યથાશક્તિ આર્થિક મદદ કરવી.
૧૦. મનુષ્યમાત્રની શારિરીક, માનસિક અને આત્મિક ઉન્નતિ માટે પાતંજલી યોગદર્શન પધ્ધિતથી નિઃશુલ્ક ક્રિયાત્મક યોગ શિબિરનું આયોજન કરવું.
૧૧. વૈદિક સોળ સંસ્કારોનું નજીવા ખર્ચે સંસ્થા દ્વારા આયોજન તથા લગ્ન વગેરે શુભ પ્રસંગોએ સંસ્થામાં જમણવારનું સુંદર આયોજન કરવું.
૧૨. કુદરતી આફતના સમયે આર્થિક મદદ કરવી.
૧૩. વૈદિક વિદ્વાનો, અતિથિ મહાનુભાવો અને આર્ય સંન્યાસીઓનો યથા યોગ્ય સત્કાર કરવો.
૧૪. સમાજમાંથી અંધશ્રદ્ધા અને કુરિવાજો નેસ્ત-નાબુદ થાય તેવા પ્રયત્નો કરવા.
૧૫. બાળલગ્નો થતાં અટકાવવા માટેનો પ્રચાર કરવો.
૧૬. આણંદ જિલ્લાની શાળાઓમાં પુસ્તકાલય તૈયાર કરી પુસ્તકો ભેટ આપવાની યોજના.
૧૭. વેદોના પુસ્તકો શાળા-કોલેજોની લાયબ્રેરીમાં ભેટ આપવાની યોજના.
૧૮. સંસ્થા દ્વારા ચરોતરની હાઈસ્કૂલોમાં દર વર્ષે શ્રાવણી પર્વ તથા ઋષિ બોધોત્સવ પર્વ પ્રસંગે નિબંધ-સ્પર્ધા યોજી વિદ્યાર્થીઓને ઈનામ તથા વૈદિક પુસ્તકો આપવાનું આયોજન.
૧૯. ‘બેટી બચાવો’ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન.
૨૦. વૃદ્ધો માટે મેડીકલ કેમ્પ યોજવા.

(ટ્રસ્ટ રજી. નં. આણંદ / એફ-૫૬)

આર્કિ. અશોક પટેલ
માનદ્ મંત્રી

કનકસિંહ વાઘેલા
પ્રમુખ

आर्यसमाज के संस्थापक
महर्षि दयानंद सरस्वती

# ચરોતર પ્રદેશ આર્યસમાજ

સ્ટેશન રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧. (ગુજરાત). ફોન : (૦૨૬૯૨) ૨૪૪૧૯૧

તંત્રી સ્થાનેથી....

## કિડની ટ્રાન્સપ્લાન્ટ

એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે પાસપોર્ટનો જ પુરાવો માન્ય રાખવા સામે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીમાં હાઈકોર્ટે કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે પાસપોર્ટ સિવાયના પણ પુરાવા માન્ય રાખવા સિવીલ હોસ્પિટલ સત્તાધીશોને આદેશ કર્યો છે અને સીવીલ હોસ્પિટલના તઘલખી નિર્ણયને રદ કરી કિડનીના દર્દીઓની તરફેણમાં ચુકાદો આપ્યો છે.

આ કેસની વિગત એવી છે કે એશિયાની સૌથી મોટી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કિડની વિભાગે કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે ગુજરાત અને અન્ય રાજ્યમાંથી આવતા દર્દીઓ માટે પાસપોર્ટનો પુરાવો ફરજીયાત કર્યો હતો. જેમાં જે કોઈ દર્દી કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે હોસ્પિટલમાં આવે તો તેને પાસપોર્ટનો પુરાવો ફરજીયાત આપવો પડતો હતો જેમાં ઘણા દર્દીઓ પાસે પાસપોર્ટ ન હોવાના કારણે પાછા પોતાના વતનમાં પાસપોર્ટ કઢાવી ટ્રિટમેન્ટ કરાવવી પડતી હતી જેના કારણે દર્દીનો ખૂબ સમય બરબાદ થતો હતો અને સારવારમાં વિલંબ ઉભો થતો હતો જેના કારણે સમયસર કિડની ટ્રાન્સપ્લાન્ટ ન થતા દર્દીને જીવનું જોખમ વધી જતું હતું. સમયસર ટ્રાન્સપ્લાન્ટની ટ્રિટમેન્ટ ન કરાવવાથી દર્દીને ઈન્ફેક્શન તેમજ અન્ય સાઈડ ઈફેક્ટ થઈ જતી હોવાના કારણે દર્દીને જીવ ગુમાવવો પડતો હતો.

સીવીલ હોસ્પિટલના આવા તઘલખી નિર્ણય સામે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી થઈ હતી અને તેમાં દર્દીઓને પડતી હાલાકી અને તેમના જીવને જોખમ રહેતું હોવાની રજુઆત કરવામાં આવી હતી. આ જાહેરહિતની અરજીમાં ગુજરાત હાઈકોર્ટે સીવીલ હોસ્પિટલ સત્તાધીશોને કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે પાસપોર્ટ સિવાયના અન્ય પુરાવા પણ માન્ય રાખવા નિર્દેશ કર્યો છે.

# શુદ્ધ જ્ઞાનયજ્ઞ દ્વારા મનુષ્ય પરમાત્માને પ્રાપ્ત કરી લે છે

**ओ३म् इषे त्वोर्ज्जे त्वा वायव स्थ देवो वः सविता प्रार्पयतु श्रेष्ठतमाय कर्मणऽआप्यायध्वमध्न्याऽइन्द्राय भागं प्रजावतीरनमीवाऽअयक्ष्मा मा वस्तेनऽईशत माघशंसो ध्रुवाऽअस्मिन् गोपतौ स्यात बह्वीर्यजमानस्य पशून्पाहि ॥**

(यजु.१.१)

આ યજુર્વેદનો પ્રારંભિક મંત્ર છે. આ મંત્રના 'પરમેષ્ઠી પ્રજાપતિઃ' ઋષિ છે, 'સવિતા' દેવતા છે. મંત્રગત વિષયનું જેણે દર્શન કર્યું હોય તેને ઋષિ કહેવાય. મંત્રમાં બતાવેલ વિષયને જ દેવતા કહેવાય. મંત્રાર્થને સમજવા માટે ઋષિ તથા દેવતાનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ. આથી વેદમાં મંત્ર પૂર્વે જ ઋષિ-દેવતાનું કથન કરવામાં આવે છે.

'ऋषयो मन्त्रद्रष्टारः'(निरु.) આ નિષ્પત્તિથી મંત્રદૃષ્ટાનું અર્થાત્ મંત્રાર્થને જાણનારનું નામ ઋષિ છે. અહીં ઋષિ છે પરમેષ્ઠી પ્રજાપતિ. પોતાની અંતરાત્મા = આત્માનો પણ આત્મા, તે જ પરમેષ્ઠી છે. તે પરમેષ્ઠી પણ છે, પ્રજાપતિ પણ છે. પ્રજાના પતિને 'પ્રજાપતિ' કહેવાય છે. 'जनि प्रादुर्भावे' ધાતુથી પ્રજા શબ્દ બને છે. 'पा रक्षणे' ધાતુથી પતિ શબ્દ બને છે. (प्र+जनि+ड+टाप्, पा+इति=प्रजापति). બધાને ઉત્પન્ન કરી અંતરાત્મા બની બધાનું પાલન-પોષણ કરનારને પ્રજાપતિ કહેવાય છે. પ્રજાપતિ શબ્દનો મુખ્ય અર્થ ઈશ્વર છે. જયાં મુખ્ય અર્થ ઘટે નહિ ત્યાં અન્ય અર્થ પણ થાય છે. 'प्रधानशब्द-अनुपपत्तेः गुणशब्देन अनुवादः' આ ન્યાયના આધારે, જયાં મુખ્ય અર્થ ઉપપન્ન-પ્રાપ્ત નથી ત્યાં ગૌણ અર્થ દ્વારા જ અર્થ કરવો જોઈએ.પરંતુ જ્યાં મુખ્ય અર્થ પ્રાપ્ત છે ત્યાં મુખ્ય અર્થ જ લેવો જોઈએ. અહીં આધ્યાત્મિક જગતમાં પ્રજાપતિ ઈશ્વર છે. 'सविता' મંત્રના દેવતા છે. 'षड् प्राणिप्रसवे' શબ્દથી 'सवितृ' શબ્દ બની તેમાં'सु' પ્રત્યય લાગવાથી 'सविता' શબ્દ નિષ્પન્ન થાય છે. સમસ્ત જગતની ઉત્પત્તિ કરનાર અર્થાત્ પરમેશ્વરનું જગદુત્પત્તિ કર્મ અહીં મંત્રગત વિષય છે. સૃષ્ટિ દ્વારા સૃષ્ટિકર્તાને જાણી શકાય છે. સૃષ્ટિ કાર્ય છે, સૃષ્ટિકર્તા કારણ(નિમિત્ત) છે. કાર્યથી કારણની જાણકારી પ્રાપ્ત થાય છે.

સૃષ્ટિ આંશિકરુપમાં પ્રત્યક્ષ છે. સૃષ્ટિકર્તા પરોક્ષ છે. સૃષ્ટિ દ્વારા સૃષ્ટિકર્તાનું જ્ઞાન અનુમાન પ્રમાણથી પ્રાપ્ત થાય છે. સૃષ્ટિનું રહસ્ય જ્યાં સુધી જ્ઞાત થાય છે ત્યાં સુધી સૃષ્ટિકર્તાનું સ્વરુપજ્ઞાન પણ સૂક્ષ્મથી સૂક્ષ્મતર, સૂક્ષ્મતરથી સૂક્ષ્મતમ બની જાય છે. આ દૃષ્ટિએ પારદર્શી ઋષિઓએ વેદવાણીના આધાર પર યજ્ઞ-યાગનો વિસ્તાર કર્યો. સાથોસાથ તેઓએ ઘોષણા કરી કે 'यज्ञो वै श्रेष्ठतमं कर्म' શ્રેષ્ઠતમ કર્મનું નામ યજ્ઞ છે. કર્મને શ્રેષ્ઠતમ બનાવવું જ યજ્ઞનું આત્યન્તિક ફળ છે. શુદ્ધ કર્મનું કારણ શુદ્ધ જ્ઞાન છે. જ્ઞાન

**વેદવાણી**
**- આચાર્ય અભયદેવ વેદાલંકાર**

શુદ્ધ થવાથી કર્મ શુદ્ધ થાય છે, કર્મ શુદ્ધ થવાથી ઉપાસના શુદ્ધ થાય છે. ઉપાસનાનો અર્થ નજીક પહોંચવું છે. શુદ્ધજ્ઞાનથી, શુદ્ધકર્મથી=નિષ્કામ કર્મથી ઈશ્વરમાં અવસ્થિતિ થાય છે. આ અવસ્થિતિનું નામ શુદ્ધ ઉપાસના છે.

યજુર્વેદ કર્મકાંડ પ્રધાન છે. યજુર્વેદના મંત્રોનો બહુધા પ્રયોગ કર્મકાંડમાં થાય છે.(આનો અર્થ એ નથી કે અન્ય વેદમંત્રોનો પ્રયોગ યજ્ઞમાં નથી થતો) અગ્નિહોત્રથી લઈ અશ્વમેઘ સુધી કર્મકાંડપ્રક્રિયા સૃષ્ટિયજ્ઞને સમજવા માટે આવિષ્કૃત કરવામાં આવેલ રુપક (નાટક) છે. અર્થાત્ કર્મકાંડમાં પ્રતિપાદિત અગ્નિવિદ્યા પરમાત્માની જગદ્રચનાની અનુકૃતિ=નકલ છે. આ દ્વારા વ્યક્તિને નીચે મુજબ લાભ પ્રાપ્ત થાય છે.

૧. સૃષ્ટિ સંબંધી સૂક્ષ્મ જ્ઞાન મળે છે. ૨. દ્રવ્યોને અગ્નિમાં હોમવાથી જળ,વાયુની શુદ્ધિ થાય છે. ૩. ત્યાગભાવના વધે છે. ૪. સંપત્તિનો લાભ, કીર્તિ આદિ પ્રાપ્ત થાય છે. ૫. વ્યક્તિના સામાજીક સંબંધો સુદૃઢ થાય છે. ૬. વ્યાવહારિક કુશળતા વધે છે. ૭. વેદજ્ઞાનની સુરક્ષા થાય છે. ૮. અંતે વૈરાગ્યની ભાવના જાગે છે.

જ્ઞાન-વૈરાગ્ય જ સંસારમાં સૌથી શ્રેષ્ઠ સંપત્તિ છે. બાકી બધી સાધનસામગ્રી, જ્ઞાન-વૈરાગ્યના સંપાદનમાં સાધન બને છે. જ્ઞાન-વૈરાગ્યરુપી સાધન સામે અન્ય સાધનોની કોઈ કિંમત નથી. વ્યક્તિને જ્ઞાન તથા વૈરાગ્ય અપાવવો જ યજ્ઞ-યાગનો ઉદ્દેશ્ય છે.

અધ્યાત્મજગતમાં પ્રજાપતિ પરમાત્મા છે.તે સૃષ્ટિને બનાવે છે, બનેલ સૃષ્ટિની રક્ષા કરે છે. તેથી પરમાત્મા પરમેષ્ઠી પ્રજાપતિ કહેવાય છે. આધિભૌતિક જગતમાં જયેષ્ઠાશ્રમી ગૃહસ્થી જ પ્રજાપતિ છે. તે બનાવે છે અર્થાત્ કમાય છે, બનેલ પદાર્થોની રક્ષા કરે છે. આથી સૃષ્ટિયજ્ઞનું નાટકરુપ દ્રવ્ય-પાકાદિ યજ્ઞો કરવાનો અધિકાર ગૃહસ્થને જ છે. ગૃહસ્થનો આ અધિકાર જ્ઞાન-વૈરાગ્ય પ્રાપ્તિ સુધી જ છે. વૈરાગ્ય સંપાદન થયા પછી દ્રવ્યાદિયજ્ઞ

**શુદ્ધ કર્મનું કારણ શુદ્ધ જ્ઞાન છે. જ્ઞાન શુદ્ધ થવાથી કર્મ શુદ્ધ થાય છે, કર્મ શુદ્ધ થવાથી ઉપાસના શુદ્ધ થાય છે.**

તેના જીવનમાં રહેતો નથી. તો શું તે યજ્ઞથી રહિત થઈ અકર્મી=વિના કર્મવાળો બને છે? ના, તે અકર્મી બનતો નથી, પરંતુ શુદ્ધજ્ઞાનમય યજ્ઞ તેના જીવનપર્યન્ત ચાલતો રહે છે. આ શુદ્ધજ્ઞાનયજ્ઞ દ્વારા તે પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. યજુર્વેદનો અંતિમ અધ્યાય ઉપનિષદ્ બનવાનું કારણ આ જ છે. અપવિત્ર મનુષ્ય કર્માનુષ્ઠાન દ્વારા વિવેક-વૈરાગ્યને પ્રાપ્ત કરી નિષ્કામકર્મી બની જવું અને નિષ્કામકર્મ દ્વારા મુક્ત થઈ જવું. જેનું કર્મ નિષ્કામ=(લૌકિક લાભની ઈચ્છા વિના કેવળ પરમાત્મપ્રીતિ અર્થે કર્મી કરવાનું છે)બની ગયું છે તે વ્યક્તિ પ્રજાપતિના સ્તરથી ઉપર ઉઠી પરમેષ્ઠી પ્રજાપતિ બની જાય છે.પ્રજાપતિથી પરમેષ્ઠી પ્રજાપતિની આ વિશેષતા છે.


વેદમંત્રાર્થ :-

હે મનુષ્યો! જે(सविता) સર્વ જગતની ઉત્પત્તિ કરનારો, સંપૂર્ણ ઐશ્વર્યયુક્ત(देवः) સર્વ સુખો આપનારો અને સર્વ વિદ્યાને પ્રસિદ્ધ કરવાવાળો પરમાત્મા છે તે(वः) તમે(हम) અને તમારા મિત્રોની જે(वायवः) બધી ક્રિયાઓને સિદ્ધ કરવાવાળી, સ્પર્શવાળી, પ્રાણ અંતઃકરણ તથા ઈન્દ્રિએં(स्थ) છે તેને(श्रेष्ठतमायकर्मणे) કરવાયોગ્ય અત્યુત્તમ સર્વોપકારક યજ્ઞાદિ કર્મોને માટે (प्रार्पयतु) દંરી રીસે દાયુક્સ કરે. અંપણે બધં(इषे) અન્નાદિ ઉત્તમ-ઉત્તમ પદાર્થો અને વિજ્ઞાનની ઈચ્છા અને (उर्जे) પરાક્રમ અર્થાત્ ઉત્તમ રસની પ્રાપ્તિ માટે (भागम्) સેવા કરવાયોગ્ય ધન અને જ્ઞાનથી ભરેલ (त्वा) ઉક્ત ગુણવાળા અને (त्वा) શ્રશ્રષ્ઠ પરાક્રમ આદિ ગુણો આપનારો આપ સર્વનું સર્વપ્રકારે આશ્રય કરે છે. હે મિત્રો! તમે પણ આમ બની (आप्यायध्वम्) ઉન્નતિ પ્રાપ્ત કરો તથા આપણે બધા પણ પ્રાપ્ત કરીએ. હે ભગવન જગદીશ્વર! આપણે બધાને(इन्द्राय) પરમૈશ્વર્યની પ્રાપ્તિ માટે(प्रजावतीः) જેના ઘણા સંતાન છે તથા જે (अनमीवाः)વ્યાધિ અને (अयक्ष्मा) જેમાં રાજયક્ષ્મા આદિ રોગ નથી તેએં(अघ्न्याः) જે જે ગૌ આદિ પશુ અર્થાત્ જે ઉન્નતિ કરવાયોગ્ય છે, જે કદી હિંસા કરવાયોગ્ય નથી. જે ઈન્દ્રિઓ કે પૃથ્વી આદિ લોક છે તેને સદાય(प्रार्पयतु) નિયત કરો. હે જગદીશ્વર! આપની કૃપાથી અમારા બધામાંથી દુઃખ દેવા માટે કોઈ (अघशंसः) પાપી કે (स्तेनः) ચોર-ડાકુ(मा ईशत ) ઉત્પન્ન ન થાય તથા આપ આ (यजमानस्य) પરમેશ્વર તથા સર્વોપકાર ધર્મનું સેવન કરનાર મનુષ્યોના (पशून्) ગાય,ઘોડા, હાથી આદિ તથા લક્ષ્મી તેમજ પ્રજાની(पाहि ) નિરંતર રક્ષા કરો જેથી આ પદાર્થોનું હરણ કરવા પૂર્વોક્ત કોઈ દુષ્ટ મનુષ્ય સમર્થ ન બને. (अस्मिन् ) આ ધાર્મિક (गोपतौ) પૃથિવી આદિ પદાર્થોની રક્ષા ઈચ્છનાર સજ્જન મનુષ્યની નજીક (बह्वीः) ઘણા બધા ઉક્ત પદાર્થ (ध्रुवाः) નિશ્ચય સુખના હેતુ(स्यात) બને. **(આ અર્થ મહર્ષિ દયાનંદ સરસ્વતીકૃત યજુર્વેદ ભાષ્યમાંથી સાભાર)**

(સંપૂર્ણ)

# સમતુલિત દિનચર્યા માનવજીવનમાં સુખ, સંતોષ, શાંતિ અને સફળતા પ્રાપ્ત કરાવે છે

- **ઘરનું નિરસ વાતાવરણ તથા ટી.વી.ના દૂષણે બાળકોના મસ્તિષ્ક પર અત્યન્ત દુષ્પ્રભાવ પાડ્યો છે.**
- **મન ફાવે તેવું જીવન જીવવું પતનના માર્ગે ધકેલવા બરાબર છે.**



ભૌતિક ઉન્નતિના શિખર પર હોવા છતાં આજે મનુષ્ય અશાંત અને અતૃપ્ત છે. માનવજીવનમાં સુખ, સુવિધા, સમૃદ્ધિ વધી છતાં માનવ હતાશા, નિરાશા અને ટેન્શનમાં જીવી રહ્યો છે. સુખના સાધનો વધ્યા છે, પરંતુ સુખ વધ્યુ નથી. નાણા અને સંપત્તિથી અમીર બન્યો છે, છતાં મનુષ્ય અંદરથી ગરીબ બન્યો છે. અધિક ધન તેના માટે બોજારૂપ બની ગયું છે. વધુ ભૌતિકતા તથા નાણા પાછળની દોટે પરિવારમાં પ્રેમ, લાગણી, હૂંફ, સંવાદિતા, ચર્ચા, કર્તવ્યભાવના વગેરેનો છેદ કરી નાંખ્યો છે. આજે માતાપિતા પાસે બાળક માટે પૈસા છે, પરંતુ સમય નથી. પોતાનું બાળક કયા ધોરણમાં કેવું ભણે છે તેની કોઈ પરવાહ નથી. કેવળ ટ્યુશન ફી ભરીને બાળકની રહેવા, જમવા અને ભણવાની સુવિધા કરી આપી માતાપિતા ઈતિશ્રી માની લે છે. પરિણામ એ આવે છે કે બાળકો આદરભાવ રહિત, નિષ્ઠુર, કહ્યું ન માનનારા અતિજીદ્દી બની ગયા છે. બાળકો પણ ભણતરના ભાર નીચે દબાઈ ગયા છે. કુદવા, રમવાની ઉંમરે તેઓની સ્વાભાવિકતા ખતમ થઈ ગઈ છે. ઘરનું નિરસ વાતાવરણ તથા ટી.વી.ના દૂષણે બાળકોના મસ્તિષ્ક પર અત્યન્ત દુષ્પ્રભાવ પાડ્યો છે. આજે પરિવાર, સમાજ, રાષ્ટ્ર બધા જ તનાવ-ટેન્શનમાં જીવી રહ્યાં છે. બાળકો પણ ખૂબ ટેન્શનમાં જીવે છે. માતાપિતા તેઓ પાસે તેઓના સામર્થ્ય કરતાં વધુ અપેક્ષા રાખી રહ્યા છે. પરિણામે બાળકો પરીક્ષાના ભયથી અથવા તો નાપાસ થવાથી આત્મહત્યા જેવું પગલું ભરી લે છે અથવા તો તે પ્રેમ અને હૂંફના અભાવે પરિવાર અને સમાજ પ્રત્યે ધૃણાભાવ પેદા કરી અતિહિંસક બને છે અને ધનાધન ગોળીબાર કરી ટીચર, મિત્ર કે બાળકોની હત્યા કરી નાંખે છે.

આજે કોઈને પૂછીએ કે તમે શેના માટે જીવો છો? તો જવાબ

**સફળતાનું રહસ્ય**

**વક્તા : સ્વામી વિવેકાનંદ** **સંકલન : મહેન્દ્ર ગાંધી**

મળે છે 'ખબર નથી' બાળકને પણ પૂછવામાં આવે કે તમે શા માટે ભણો છો ? શું બનશો ? જવાબ એ જ મળે છે 'ખબર નથી'. આપણે બધા જ વગર દિશાએ, વગર લક્ષ્યે આમતેમ દોડી રહ્યા છે, ભટકી રહ્યા છીએ. ગમે ત્યારે ઉઠવું, ગમે ત્યારે સૂવું, ગમે ત્યારે ગમે તે ખાવું, ગપ્પા મારી સમય પસાર કરવો, મોબાઈલ પર લાંબી લાંબી વાતો કરવી વગેરે પ્રકારની દિનચર્યા જીવનને ખોખરૂં કરી નાંખ્યું છે. મન ફાવે તેવું જીવન જીવવું પતનના માર્ગે ધકેલવા બરાબર છે. જીવન વેદોને અનુકૂળ હોવું જોઈએ. કરવા યોગ્ય કાર્યો ઠીક સમયમાં કરવા જોઈએ.

આજે આપણું જીવન સ્થિર નથી, સ્વાભાવિક નથી, સહજ નથી, અપ્રાકૃતિક છે. પરિણામ દુઃખ, પીડા, કષ્ટ અને અસફળતા. આપણે આપણા જીવનને સમતુલિત બનાવવું જ પડશે. સમતુલિત દિનચર્યા માનવજીવનમાં સુખ, સંતોષ, શાંતિ અને સફળતા પ્રાપ્ત કરાવે છે.

માનવજીવનમાં બધું જ હશે, પરંતુ ઈશ્વરનું સ્મરણ નહીં હોય તો સરવાળે જીવન શૂન્ય જ માનવું જોઈએ. ઈશ્વર નામની એક મહાન શક્તિ જે પ્રતિક્ષણ નિરંતર છે. આ ગ્રંથોમાંથી મળતું જ્ઞાન માનવની ઉન્નતિ કરે છે. આજે ભણેલો ગણેલો વકીલ, ન્યાયધીશ, પ્રોફેસર કે ડોક્ટરે આત્મહત્યા કરી લીધાના સમાચાર જાણવા મળે છે. આ વિદ્યા સાચું જીવન જીવવાની દિશા આપતી નથી. જ્યારે એની સામે ગુરુકુળના કોઈ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી હોય એવા સમાચાર કદી પણ સાંભળ્યા નથી. કારણ કે ગુરુકુળમાં અપાતી વિદ્યા ભૌતિકની સાથો સાથ આધ્યાત્મિક પણ છે. કયા પ્રકારે ઉત્તમ જીવન જીવવું, કયા પ્રકારે દુઃખોથી પ્રભાવિત ન થવું, કયા પ્રકારે વિકટ સમસ્યાઓનો સામનો કરવો, શરીર અને આત્માની ભિન્નતા, પરમાત્માની વિશેષતા વગેરે વિષે પણ વિદ્યા આપવામાં આવે છે. સાચી વિદ્યા જ સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ કરે છે.

દિવ્ય અને સમતુલિત જીવન જીવવા માટે મનનો ઉત્તમ પ્રયોગ કરવો જોઈએ. પરિવારમાં પવિત્ર અને પ્રેમાળ વાતાવરણ ઉભું કરવું જોઈએ. મનમાં ઉઠતા વિચારોનું હંમેશા પૃથ્થક્કરણ, છાનભીન કરતા રહેવું જોઈએ. જે વિચારો હિતકારી અને લાભપ્રદ હોય તેને ક્રિયાન્વિત કરવા જોઈએ. મનુષ્ય એ જ કામ કરે છે જેમાં તેને લાભ મળતો હોય. શેમાં લાભ વધુ મળે તેમજ કઈ વસ્તુ ગુણવત્તામાં ઉત્તમ છે, તે ક્યારે અને કઈ વિધિથી કરવું તે માટે ચિંતન કરવું જોઈએ, કાર્યની પ્રક્રિયા તથા ગુણવત્તા બાબતે સ્વાધ્યાય કરવો જોઈએ અથવા ગુરુ-આચાર્ય પાસેથી માર્ગદર્શન મેળવવું જોઈએ. જો આમ કરવામાં આવે તો મનુષ્યની લાભપ્રદ વસ્તુઓ પ્રત્યે પ્રીતિ અને રૂચિ વધે છે. લાભપ્રદ વસ્તુઓ માટે મનુષ્ય વિશેષ પુરૂષાર્થ કરે છે અને અંતે તે મેળવવામાં સફળ થાય છે. કોઈપણ વર્ણ કે કોઈપણ આશ્રમનો મનુષ્ય કેમ ન હોય, મનુષ્ય હંમેશા પુરુષાર્થી બનવું જોઈએ. પુરુષાર્થ વિના મેળવેલ વસ્તુ વિનાશકારી હોય છે. દયાદાનથી કે લૂંટી-છીનવીને મેળવેલી વસ્તુ તેના માટે હિતકારી બની શકે નહિં. પુરુષાર્થ વિના ફળ પ્રાપ્ત કરવાની લાલસા બિલકુલ ઠગારી છે.

સમતુલિત જીવન એનું જ કહેવાય જેણે શારીરિક, માનસિક, સામાજિક અને આત્મિક વિકાસ કરી લીધો હોય. જેનું શરીર, મન, બુદ્ધિ અને આત્મા શુદ્ધ અને બળવાન છે તેને જ પૂર્ણપુરુષ માનવો. વિચાર કાર્યો અને સમયનું યથોચિત મેનેજમેન્ટ કરનાર મનુષ્ય જીવનમાં સફળ થાય છે.

# ઉધરસ મટાડવાના અનેક નુસખા

- શરદી-કફને કારણે થયેલી ઉધરસમાં લવિંગ ૫ ગ્રામ તથા ૨૦ ગ્રામ હળદળનાં ગાંઠિયાને તાવડીમાં શેકી લેવાં. પછી તેમાં ખાંડીને ચુર્ણ બનાવી લો. તેમાં ત્રણ ગ્રામ સંચળ ભેળવી દો. આ દવા મધ કે નાગરવેલનાં પાન સાથે આપવાથી ઉધરસ મટે છે.
- દમ, ઉધરસ માટે સૂંઠ, હીંમજ તજનું ચૂર્ણ બનાવી તેમાં અડધી સાકર ભેળવી દવા ૩ ગ્રામ જેટલી ગરમ પાણીમાં લેવા અથવા તો મોંમાં રાખવી અને તેને ચૂસવી.
- હળદર, સૂંઠ સવાર સાંજ મધ સાથે ચાટવાથી ઉધરસ મટે છે.
- આદુનો રસ, અરડૂસીનો રસ અથવા સૂંઠ, હળદરનાં ચૂર્ણ સાથે ભેળવી મધ સાથે ચાટવું અથવા માત્ર મધ ૧-૨ ચમચી લેવું. ખાંસી મટશે.
- વાયુ કે પિત્તને કારણે ખાલી ઉધરસ આવતી હોય તો આવા સમયે એક પાકા કેળાની છાલ ઉતારી તેમાં પાંચ કાળાં મરીના દાણા અથવા એક લીંડી પીપર ખોંસી દઈ રાત્રે ચાંદનીમાં રાખી દેવું. પછી સવારે પ્રથમ મરી કે પીપર ખાઈને પાછળથી કેળું ખાઈ જવું. આ રીતે થોડો સમય કરવાથી લાભ મળે છે.
- ઉરઃતની ઉધરસ શેરડીનો તાજો રસ ૪ શેર લઈ તેમાં ૧ શેર તાજું ઘી ભેળવી મંદ તાપે પકાવવું. જ્યારે રસ બળી જઈને માત્ર ઘી રહે ત્યારે તે ઉતારી કપડાથી ગાળી લેવું. આ ઘી સવારે, સાંજે ૧ તોલા જેટલું લેવાથી સારો લાભ થાય છે.
- અખરોટના મીંજ જરા શેકીને ખાવાથી ખાંસીમાં લાભ થાય છે.
- જુની ઉધરસ માટે સૂંઠ અને જૂના ગોળનો ઉકાળો બનાવી ૧-૨ રૂપિયા ભાર દિવેલ રોજ પીવાથી ૧-૨ માસમાં જૂની ઉધરસ જડમૂળથી નાબૂદ થશે.
- ખાંસી માટે જો તે કફજન્ય હોય તો કાળી તુલસીના રસમાં નાંખીને પીવું.
- તુલસી, આદું અને અરડૂસીનાં પાનનો રસ ૧-૧ તોલો લઈ તેમાં મધ ભેળવી પીવાથી કફની ખાંસી મટે છે. તુલસી આદું અને નાગરવેલનાં પાનનો રસ સમ ભાગે લઈ તેમાં જરા સિંધવ નાંખી સવાર-સાંજ પીવાથી ખાંસી મટે છે.
- બાળકોના ઊટાટિયા માટે તુલસી અને કણજી પાનનો રસ મધ ભેળવી બે વાર પીવો અથવા તુલસી અને જેઠીમધ કે ગરમાળાનો ગોળ ઉકાળીને સિંધવ ભેળવીને બાળકોને બે વાર આપવો.
- સૂકી ઉધરસમાં કાળા તલ ૧૦ ગ્રામ જેઠીમધ ૫ ગ્રામ ખેર સાથે ૫ ગ્રામ એનો ઉકાળો કરી તેમાં થોડી સાકર નાંખી પીવાથી લાભ થશે.
- કફ-શરદીથી ઉધરસ માટે કાળા તલ, સૂઠ, લીંડી પીપર ભોરીંગણી અને જવખાર નાંખી બનાવેલ ઉકાળો, મધ સાથે લેવાથી લાભ થશે.
- ઉધરસ-દમ માટે પીપરી મૂળ, સુંઠ, બહેડા, ભોરિંગણીની ખાખ આ ચીજો ૩-૩ ગ્રામ તથા ફુલવેલ ટંકણખાર ૨ ગ્રામ મેળવી ચુર્ણ બનાવી લેવું. આ ચુર્ણમાંથી ૧ ગ્રામ દવા ફળનાં ૧ તોલા રસમાં મેળવી થોડું મધ મેળવી સવાર-સાંજ સેવન કરવું. આ દવાથી કફજન્ય અને વાયુજન્ય દમ-ઉધરસ મટે છે.
- પરંતુ જેઓ પિત્તપ્રધાન રોગ ધરાવતો હોય તેમણે ઉપરની દવાને બદલે જેઠીમધ બહેડા અને સાકરનું ચુર્ણ કોઈ પણ ફળના રસમાં ભેળવીને ખાવાથી લાભ થાય છે.
- ગરમીની ઉધરસ માટે તરબૂચનું પાણી ૩-૪ તોલા લઈ, તેમાં થોડી સૂંઠ તથા મધ નાંખી આપવાથી તે મટે છે.
- સૂકી ખાંસી માટે - જો કફ ન નીકળતો હોય તો તાજા તોડેલા જામફળનાં ફળને દાંત વડે તોડીને ચાવીને ખાવાથી ૨-૩ દિવસમાં સૂકી ઉધરસ મટે છે.

# બ્રિટિશ સરકારે તેમને પોતાના ઘરમાં જ ઘર પાસે છૂપો પહેરો ગોઠવીને નજરકેદની અવસ્થામાં મૂકી દીધા



ભારતની સ્વતંત્રતાના વીર નાયક

## સુભાષચંદ્ર બોઝ

-ચૈતન્ય દેસાઈ (૧૬)

નાગપુરમાં ૧૯૪૦ના જૂન માસમાં મળેલી ફોરવર્ડ બ્લોકની બીજી પરિષદ બાદ તરત સુભાષબાબુ સેવાગ્રામ ગયા અને ગાંધીજીને મળ્યા. ગાંધીજીને લડતનું નેતૃત્વ સંભાળવા વિનંતી કરી. ગાંધીજીએ યોગ્ય સમયની રાહ જોવી હિતાવહ માની અને સુભાષને ઉતાવળિયા ન થવા સૂચવ્યું. મુશ્કેલીમાં મૂકાયેલા બ્રિટનને તમાચો મારવાનો આ સમય નથી તેવું તે માનતા હતા. ગાંધીજીની આ વાત સુભાષબાબુના ગળે ન ઉતરી. તેમની વચ્ચે યોજાયેલી આ અંતિમ મુલાકાત હતી. છેલ્લે સુભાષે પોતાની લડત માટે ગાંધીજી માટે આશિર્વાદ માગ્યા. ગાંધીજીએ તેમને કહ્યું 'તમારી લડત રાજકીય રીતે કસમયની છે અને નૈતિક રીતે અપ્રમાણ્ય છે, તેમ છતાં તમને લાગતું હોય કે લડતની આ ઉત્તમ તક છે તો આગળ વધો. જો તમે સફળ થશો તો સહુથી પહેલો અભિનંદન આપનાર હું હોઈશ. '

સુભાષબાબુ કલકત્તા પરત આવ્યા અને લડતની તૈયારીઓ આરંભી. કલકત્તામાંથી હોલવેલનું પુતળું ખસેડવાનું આંદોલન શરૂ થયું. આ આંદોલન અંગે અને ફોરવર્ડ બ્લોકના મુખપત્રમાં ભારતને યુદ્ધમાં ઘસડી જવા વિરૂધ્ધ આગ ઝરતા સુભાષના લેખના બહાને ૧૯૪૦ની ૨જી જૂલાઈએ સરકારે તેમની અટકાયત કરી. ભારતના સંરક્ષણ કાયદા અનુસાર અનેક કેસો તેમના પર ઠોકી બેસાડવામાં આવ્યા. આ અટકાયત દરમ્યન કેન્દ્રિય ધારાસભામાં ચૂંટાયા, પરંતુ તેમને છોડવામાં ન આવ્યા.

આ જેલવાસમાં સુભાષબાબુનું મનોમંથન ઘેરું બન્યું. બ્રિટિશ સરકાર પર જરા પણ ભરોસો રખાય તે ન હતું. દેશની આંતરિક તાકાત બ્રિટનના વિરોધ માટે અપૂરતી હતી. તેથી બાહ્ય દબાણ ઉભું કરવા આંતરરાષ્ટ્રીય મત કેળવવાનું તથા મદદ મેળવવાનું તેમને જરૂરી જણાયું. તેમના મતે ભારતમાં બ્રિટિશ સત્તાને ટકાવી રાખનારું મહત્વનું પરિબળ હતું - બ્રિટિશ હિંદના વ્યવસાયી લશ્કરની બ્રિટિશ તાજ પ્રત્યેની વફાદારી. સશસ્ત્ર આક્રમણનો હેતુ તેમની વફાદારી ખતમ કરવાનો પણ હતો. દુશ્મનનો દુશ્મન એ મિત્ર એ નીતિ અનુસાર જર્મની, ઈટાલી અને જાપાનનો સાથ લેવાનું તેમણે મનોમન નક્કી કર્યું. આ માટે ભારત બહાર જવું અને ભારત બહાર જવા જેલ બહાર જવું મહત્વનું હતું. નવેમ્બર ૧૯૪૦માં તેમણે આમરણાંત ઉપવાસ પર જવાનો નિશ્ચય કર્યો. ૨૩મી નવેમ્બર ૧૯૪૦ ને દિને બંગાળના ગવર્નર અને મુખ્ય પ્રધાનને પોતાના નિશ્ચયની જાણ કરતો એક ઐતિહાસિક પત્ર લખ્યો.

આ પત્રમાં તેમણે તેમની અન્યાયી અટકાયત સામે સત્તાધીશો દ્વારા ન્યાય મળે તેવી બિલકુલ આશા નથી તેમ જણાવ્યું.... 'અન્યાય કરતાં પણ અન્યાયને તાબે થવા જેટલો વધુ ભયંકર ગુનો બીજો કોઈ નથી. તેથી અન્યાય સાથે સમાધાન કરી જાત વેચવાને બદલે જિંદગીનો અંત આવે તે તેઓ વધુ પસંદ કરશે. ' તેમ દૃઢતાપૂર્વક અને સ્પષ્ટતાથી લખ્યું. એટલું જ નહિં પણ શાંતિથી આવતા મૃત્યુંમાં બળજબરીથી અંતરાય લાવવામાં આવશે કે ઉપવાસમાં જબરજસ્તી ખવડાવવામાં આવશે તો, ગમે તેવા વિધ્વંશકારી અને ભયપ્રેરક પરિણામ આવે, તો પણ પોતાનામાં રહેલી પૂર્ણ શક્તિથી પ્રતિકાર કરવાનો નિર્ધાર વ્યક્ત કરીને તેના ગમે તે પરિણામ માટેની જવાબદારી સરકારની રહેશે તેવું ધોષિત કર્યું. તેમણે તેમના આ પત્રને સરકારી દફતરમાં સાચવી રાખવા પણ જણાવ્યું. જેથી ભવિષ્યમાં દેશબાંધવોને સંદેશો આપી શકાય. સરકાર આ જુસ્સાનો અને આ સ્થિતિનો ભાર વધુ સમય જીરવી શકી નહીં. છ દિવસના ઉપવાસ બાદ, પરાણે ખવડાવવાનો પ્રયાસ પણ થયો. સાત દિવસ પછી ગુપ્ત બેઠક મળી. તેમના સ્વાસ્થ્ય અંગેનો દાકતરી રિપોર્ટ ગંભીર હતો. દેશભરમાં ખળભળાટ મચી જવાથી ધાસ્તીથી તેમને કારાવાસમાંથી મુક્ત કરવામાં આવ્યા.

પરંતુ બ્રિટિશ સરકારે તેમને પોતાના ઘરમાં જ ઘર પાસે છૂપો પહેરો ગોઠવીને નજરકેદની અવસ્થામાં મૂકી દીધા. સુભાષની તબિયત કથળેલી હતી, પરંતુ કોઈપણ સ્થિતિને શરણે જાય તે સુભાષ શાના !

મુત્સદી અંગ્રેજો રાષ્ટ્રમાં એકતા સ્થાપવા દે તેમ નથી અને તેથી દેશનું આંતરિક બળ આઝાદીની લડ માટે પૂરું પડે તેમ નથી. આ કારણે બહારની તાકાતને ઉપયોગમાં લેવાનો વ્યૂહ સુભાષને જરૂરી જણાયો હતો. જો ભારતમાં બ્રિટન વિરોધી બળવો જગાડવામાં આવે અને જવાબદાર નેતા મંત્રણા કરે તો બ્રિટનને ભારતમાંથી હાંકી કાઢવા રશિયા સહાયતા આપવા ઈચ્છે છે તેવા સમાચાર સુભાષને મળ્યા. કોંગ્રેસ આવી કોઈ તક ઉપાડશે નહિં તેવું જણાતાં સુભાષે છટકીને રશિયા જવાનો મનસૂબો સેવ્યો. કલકત્તાના 'દર્પણ' પત્રના તંત્રી સરદાર નિરંજનસિંહ મારફતે શીખ નેતા માસ્ટર તારાસિંહ અને અન્ય શીખ નેતાઓનો સંપર્ક કરવાના પ્રયાસો પણ કર્યા હોવાનું કહેવાય છે. સુભાષે લોકોને હળવા મળવાનું બંધ કર્યું. બીમારી ઓ આધ્યાત્મિકતા આગળ ધરી એકલા રહ્યા. કિશોરાવસ્થાથી અધ્યાત્મને રંગે રંગાયેલા સુભાષ તેમની બીમારી, રાજકીય પ્રતિકૂળતા વગેરેને લીધે ફરી એ દિશામાં ઢળી રહ્યા છે તેવું સૌને લાગ્યું. સુભાષના જીવનને જોતાં આ કોઈ નવી વાત ન હતી. અને બંગાળ માટે પણ આ કોઈ નવી ઘટના નથી. અરવિંદ ઘોષ આ જ રીતે ક્રાંતિકારી નેતામાંથી એકાએક યોગીરાજ બની ગયા. તેજ પ્રમાણે સુભાષ પણ થઈ શકતા હતા.

૨૬ જાન્યુઆરી, ૧૯૪૧ નો દિવસ. કલકત્તાની અદાલતમાં સુભાષચંદ્ર બોઝના નામનો પોકાર થયો. સુભાષચંદ્ર બોઝ સામેનો કેસ આગળ ચલાવવાની મુદત હતી. (ક્રમશઃ)

# वायवायाहि दर्शतेमे सोमा अरंकृताः। तेषां पाहि श्रुधी हवम्।।

(ऋ. म.१/सू.२/मं.१)

**पदार्थ** :- हे (**दर्शत**) हे ज्ञानदृष्टि से देखने योग्य (**वायो**) अनन्तबलयुक्त सबके प्राणरूप अर्न्तयामी परमेश्वर ! आप हमारे हृदय में (**आयाहि**) प्रकाशित हूजिये। कैसे आप हैं कि जिन्होने (**इमे**) इन प्रत्यक्ष (**सोमाः**) संसारी पदार्थों को (**अरंकृताः**) अलंकृत अर्थात सुशोभित कर रखा है। (**तेषाम्**) आप ही उन पदार्थों के रक्षक हैं, इससे उनकी (**पाहि**) रक्षा भी कीजिये और (**हवम्**) हमारी स्तुति को (**श्रुधि**) सुनिये। (ऋ.दया. कृत ऋग्वेदभाष्य)

ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप

४३ સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ २** :- (**दर्शत**) स्पर्शादि गुणों से देखने योग्य (**वायो**) सब मूर्त्तिमान पदार्थों का आधार और सब प्राणियों का जीवन का हेतु भौतिक वायु (**आयाहि**) सब पदार्थों को अपनी गति से प्राप्त होता है। फिर जिस भौतिक वायु ने (**इमे**) प्रत्यक्ष (**सोमाः**) संसार के पदार्थों को (**अरंकृताः**) शोभायमान किया है, वही (**तेषाम्**) उन पदार्थों की (**पाहि**) रक्षा का हेतु है और (**हवम् श्रुधि**) वही वायु सब शब्दव्यवहारों को सुनाता है।

**भावार्थ** :- इस मंत्र में श्लेषालंकार है। जैसे परमेश्वर के सामर्थ्य से रचे हुए पदार्थ नित्य ही सुशोभित होते हैं वैसे ही ईश्वर के रचे हुए भौतिक वायु से। उसकी धारणा के बिना किसी पदार्थ की रक्षा सम्भव नहीं है। जीव की प्रेम भक्ति से की हुई स्तुति को सर्वगत ईश्वर प्रतिक्षण सुनता है। और जीव भौतिक वायु के निमित्त से ही शब्दों के उच्चारण व श्रवण करने में समर्थ होता है।

(ऋ.दया. कृत ऋग्वेदभाष्य)

**व्याख्यान** :- हे अनन्तबल परेश वायो दर्शनीय ! आप अपनी कृपा से ही हम को प्राप्त हो। हम लोगों ने अपनी अल्पशक्ति से सोम (सोमवल्यादि) ओषधियों का उत्तम रस सम्पादन किया है, और जो कुछ भी हमारे श्रेष्ठ पदार्थ हैं वे आपके लिये ''अरङ्कृताः'' अलङ्कृत अर्थात् उत्तम रीति से हमने बनाये हैं और वे सब आपके समर्पण किये गये हैं। उनको आप स्वीकार करो। (सर्वात्मा से पान करो)।

हम दीनों की दीनता सुनकर जैसे पिता को पुत्र छोटी चीज समर्पण करता है, उस पर पिता अत्यन्त प्रसन्न होता है, वैसे आप हम पर होओ। (आर्याभिविनय)

**टिप्पणी** :- (क) वाति सोऽयं वायुः। वा गतिगन्धनयोः धातु से 'वायु' शब्द बनता है। गति के तीन अर्थ होते हैं ज्ञान, गमन व प्राप्ति। इसलिये सबको जानने से, सर्वज्ञ होने से व सर्वव्यापक होने से ईश्वर को 'वायु' कहते हैं। 'वायु' शब्द से भौतिक वायु का भी ग्रहण होता है क्योंकि मनुष्य लोग वायु से प्राणायाम करके और वायु के गुणों के ज्ञान द्वारा परमेश्वर और शिल्पविद्यामय यज्ञ को जान सकते हैं। अथवा जो सब लोकों को परिधिरूप से घेर रहा है इस अर्थ में भौतिक वायु का 'वायु' शब्द से ग्रहण होता है। परमेश्वर अन्तर्यामिरूप से और भौतिक वायु प्राणरूप से संसार में रहने वाले हैं।

(ख) वायुः सोमस्य रक्षिता वायुमस्य रक्षितारमाह साहचर्याद् रसहरणाद् वा (निरुः ११/५)

वायु अर्थात् परमेश्वर सोम अर्थात् उत्पन्न हुए जगत् की रक्षा करने वाला है क्योंकि वह सब जगत् के साथ व्याप्त होकर उसके अंश-अंश के साथ भर रहा है। सोमवल्ली आदि ओषधि गण के रसों को ग्रहण करने से और समुद्रादि के जल को ग्रहण करने से भौतिक वायु का भी यहाँ 'वायु' शब्द से ग्रहण होता है।

(ग) वायुर्वा अग्नि सुषमिद्वायुर्हि स्वयमात्मानं समिन्धे स्वयमिदं सर्वं यदिदं किचं वायुमेव तदन्तरिक्षलोक आयतयति वायुर्वै प्रणीर्यज्ञानम्।। (ऐ. २/३४)

इस वाक्य में वायु को अग्नि के अर्थ में भी लिया है। परमेश्वर का उपदेश है कि मैं वायु नामक ईश्वर इस जगत् को आप ही प्रकाशित करता हूँ। तथा मैं ही अन्तरिक्ष में भौतिक वायु को फैलाता हूँ तथा यज्ञादि को वायुमण्डल में पहुँचाने वाला हूँ।

(ङ) ईश्वर में अनन्त बल है। सबसे बड़ा स्वामी ईश्वर है। संसार के अन्दर जितने स्वामी हैं वे ईश्वरप्रदत्त धन से ही कुछ काल के लिए स्वामी बने हुए हैं। वे धन उनके अपने नहीं है। परन्तु ईश्वर तो अपने प्रकृति आदि धनों का सदा स्वामी बना रहता है।

(प) पिता अपने पुत्र को कहता है कि यदि तुम कक्षा में प्रथम स्थान पर आओगे तो मैं तुम्हें साईकिल दूंगा। यदि पुत्र अपने पिता की इस इच्छा को पूरा करता है तो पिता को बड़ी प्रसन्नता होती है। ऐसे ही ईश्वर चाहता है कि मनुष्य मेरी सत्यभाषणादिरूप आज्ञा का पालन करें। जो मनुष्य सत्यभाषणादि व्यवहार करके ईश्वरसमर्पित होता है उससे ईश्वर प्रसन्न होता है और उसको अन्तर्यामिरूप से ज्ञान, उत्साहादि प्रदान करता है।

(फ) जगत् के अन्दर सूर्य, चन्द्र, अग्नि, वायु, ओषधियाँ, वनस्पतियाँ, सोना, चाँदी आदि पदार्थों को उत्तम-उत्तम गुणों से युक्त ईश्वर ने किया है। (ક્રમશઃ)

# આપણે હજુ અંગ્રેજોની માનસિક ગુલામીમાંથી મુક્ત થવાનું બાકી છે

અસંખ્ય વીરોનાં બલિદાન અને સ્વાતંત્ર્ય સૈનિકોની યાતનાઓ પર શાસનનું સુખ ભોગવવાવાળા નેતાઓ અને અધિકારીઓ છેલ્લા ૬૭ વર્ષોથી પ્રતિવર્ષ ૧૫ મી ઓગષ્ટનાં દિવસે માત્ર વાણીથી દેશભક્તોને યાદ કરી, જાહેર કાર્યક્રમોમાં દેશક્તિની વાતો કરી દેશની ભોળી પ્રજાને ખુશ કરી દે છે. દેશભક્તિનો જુવાળ કદાચ તેમનાં હૃદયમાં ઉભરાય તો પણ તે ક્ષણિક જ હોય છે. જેવી રીતે સ્મશાનમાં કોઈ સ્વજનની અંતિમક્રિયા થતી હોય ત્યારે સંસારનાં ભોગો પ્રતિ વૈરાગ્ય ઉત્પન્ન થઈ જાય છે. આવો વૈરાગ્ય ભાવ થોડા દિવસોમાં જ શમી જાય છે. વ્યક્તિ પુનઃ કડવા સત્યને ભૂલીને સાંસારિક સુખને પ્રાપ્ત કરવામાં મગ્ન બની જતો આપણને જોવા મળે છે. બરાબર આવી જ રીતે પડોશી રાષ્ટ્ર સાથે પરોક્ષ કે પ્રત્યક્ષ યુદ્ધ હોય, સ્વાતંત્ર્ય દિન હોય કે પ્રજાસત્તાક દિનની ઉજવણી હોય ત્યારે ક્ષણિક દેશપ્રેમની લાગણી સમગ્ર પ્રજાજનોમાં જોવા મળે છે.

આવી રાષ્ટ્રીયતાની ભાવના ક્ષણભરમાં ગાયબ થઈ જવા પાછળ અનેક કારણો વિદ્યમાન છે. તેમાંનું એક કારણ આપણી શિક્ષણ પ્રણાલીમાં રહેલી ખામી છે. શાળાકીય અભ્યાસક્રમમાં દેશપ્રેમની કે આઝાદીનાં ઈતિહાસની દર્દનાક સત્ય ઘટનાઓને ઉચિત સ્થાન આપવામાં આવ્યું જ નથી. આપણી યુવાપેઢીને એ વાતની પૂરી જાણકારી જ નથી કે વિદેશી આક્રાન્તાઓએ ભારતની ધન-સંપત્તિને લૂંટવા ઉપરાંત દેશવાસીઓને જીવતા સળગાવી દીધા, નિર્દયતાપૂર્વક સામૂહિક નરસંહારો કર્યા, મા-બહેનોની ઈજ્જત લૂંટી, સમગ્ર દેશમાં ભય અને આતંકનું વાતાવરણ સર્જી દીધું. ક્યારેક યૂનાની, ક્યારેક હૂણ, શક, પઠાણ અને ક્યારેક મુસલસમાનો આવ્યા અને દેશને ખૂબ લૂંટ્યો. એટલું જ નહીં તેઓએ દેશ ઉપર શાસન પણ કર્યું. પછી તો ચાર હજાર માઈલ દૂરથી મુઠ્ઠીભર અંગ્રેજો આવ્યા અને ત્રીસ કરોડ ભારતીયોને ગુલામ બનાવી દીધા.

જ્યારે પણ કોઈએ આઝાદીની વાત કરી ત્યારે તેનું માથું ધડથી અલગ કરી દેવામાં આવ્યું, કોઈને સૂળીએ ચઢાવવામાં આવ્યો, કોઈને તોપનાં મોંઢા પર બાંધીને ઉડાવી દેવામાં આવ્યા, કોઈને જાહેરમાં ફાંસી આપવામાં આવી, હાથીનાં પગ નીચે કચડી નાંખવામાં આવ્યા, બળાત્કારો કરવામાં આવ્યા, અગ્નિમાં જીવતા સળગાવી નાંખી તેમનાં વિરોધને દબાવી દેવામાં આવ્યો. ક્રૂરથી ક્રૂર અને ભયંકરથી ભયંકર યાતનાઓ આપવામાં આવી કે જેથી લોકો આઝાદીનો વિચાર કરતાં પણ કાંપી ઉઠે; આઝાદી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન તો દૂર રહ્યો !

આખરે શા માટે આપણી સાથે આ બધું થયું ? પ્રશ્ન ખૂબ નાનો છે પણ જવાબ મેળવવા માટે આપણે હજાર વર્ષનાં ઈતિહાસ ઉપર દૃષ્ટિપાત કરવો પડશે. તો જ આપણે એ શર્મનાક પરાજયોનાં કારણો જાણી શકીશું.

એક તરફ જ્યાં ભારતીયો અતિ અહિંસાવાદનાં પ્રચાર-પ્રસારનાં પ્રભાવમાં આવી વીરત્વના ગુણને ત્યજીને કાયર અને ભીરી બની ગવયા હતાં; ત્યાં બીજી તરફ સ્વાર્થ, અંધવિશ્વાસ, સંકીર્ણતા, સામાજિક ભેદભાવ, પક્ષપાત, ગરીબી, દેશક્તિનો અભાવ વગેરે દૂર્ગુણો અને ત્રુટિઓએ દેશને ખોખલો બનાવી દીધો હતો. આ જ નબળાઈનો લાભ ઉઠાવી વિદેશી આક્રમણખોરોએ પોતાની બળનીતિ, કૂટનીતિ અને ફૂટનીતિનાં સહારે આ વિશાળ દેશને ગુલામ બનાવી દીધો.

આ પ્રવૃત્તિઓનાં બીજ આજે પણ આ જાતિમાં નષ્ટ થયા નથી. એ જ કારણ છે કે આપણે આજે પણ આપણી સંસ્કૃતિ-સભ્યતા, સાહિત્ય, સ્વાભિમાન વગેરેને છોડીને વિદેશીઓની પ્રસંશા અને તેમનાં ગુણવર્ણનમાં ગૌરવ સમજીએ છીએ. આપણે હજુ અંગ્રેજોની માનસિક ગુલામીમાંથી મુક્ત થવાનું બાકી છે. આવી વિષમ પરિસ્થિતિઓમાં પણ આ દેશમાં કેટલાક દેશભક્ત, સ્વતંત્રતા-પ્રિય, બહાદુર, સાહસી વીરો અને વીરાંગનાઓ, રાજા-મહારાજા, મહાપુરુષોનો જન્મ થતો રહ્યો છે. તેઓ સમય-સમય પર દેશ અને આઝાદીની રક્ષા માટે ઝઝૂમતા રહ્યાં. આઝાદી પ્રાપ્ત કરવા માટે તેઓએ લાંબો સંઘર્ષ કર્યો છે. હજારો વીરો અને વીરાંગનાઓએ પોતાના પ્રાણોની આહુતિ આપી દીધી.

આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે અંગ્રેજોનાં ભારત પર આક્રમણ કરવાનાં બે પ્રયોજનો હતા - રાજનૈતિક અને સાંસ્કૃતિક આક્રમણ !! ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭નાં દિવસે આપણે આઝાદ થઈ ગયા પરંતુ માત્ર રાજનૈતિક દૃષ્ટિએ. સ્વતંત્રતા પ્રાપ્ત કરતી વખતે એવું લાગતું હતું કે હવે સાંસ્કૃતિક આક્રમણની પક્કડ પણ શિથિલ પડી જશે. પરંતુ એ માત્ર કલ્પના જ સિદ્ધ થઈ. આજે પણ આપણે આપણી આઝાદીનાં મૂળ ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવામાં અસફળ રહ્યાં છીએ. સ્વતંત્ર થયાને ૫૪ વર્ષ જેટલો સમય વીતી ગયા બાદ પણ આપણે આપણી સંસ્કૃતિ-સભ્યતા, ભાષા, વિચારધારા, ધર્મ વગેરેને અંગ્રેજીયતથી મુક્ત કરાવી શક્યા નથી. એક તરફ લોર્ડ મેકાલેની શિક્ષણ પ્રણાલીએ દેશની સાંસ્કૃતિક ધરોહરને ધારાશાહી કરી છે ત્યાં બીજી તરફ અશ્લીલ સાહિત્ય, અશ્લીલ ફિલ્મો, નગ્નતા, ભોગવાદ, ચમક-દમક અને આધુનિકતા વિદેશી તથા દેશી ચેનલોનાં માધ્યમથી ઘર-ઘરમાં તથા નવી પેઢીનાં દિલો-દિમાગમાં પ્રવેશ કરી ચૂક્યાં છે. આ સાંસ્કૃતિક આક્રમણ પોતાની સાથે માત્ર વિધર્મી અને વિકૃત વિચારધારા જ નથી લાવ્યું; સાથે સાથે અસાધ્ય બિમારીઓને પણ લઈને આવ્યું છે. જનસેવા, સહયોગ, અનુદાન, સાંસ્કૃતિક આદાન-પ્રદાન, માનવાધિકાર જેવા આકર્ષક શબ્દોનાં ઓથા હેઠળ પણ આવું ગુપ્ત અને અપ્રત્યક્ષ કહેવાય એવું આક્રમણ ચાલી રહ્યું છે. વર્તમાન સમયમાં દિશાશૂન્ય બનેલી આપણી યુવાપેઢીનાં સ્વરુપમાં, ભારતીય નૈતિક-આધ્યાત્મિક મૂલ્યોનાં હ્રાસનાં સ્વરુપમાં, ભારતીય સંસ્કૃતિ-સભ્યતા પ્રતિ ઉદાસીનતાનાં સ્વરુપમાં તેનું દુષ્પરિણામ જોવા મળે છે.

**ક્યારેક યૂનાની, ક્યારેક હૂણ, શક, પઠાણ અને ક્યારેક મુસલસમાનો આવ્યા અને આપણા દેશને ખૂબ લૂંટ્યો.**

ભારતની સ્વતંત્રતાનો સાચો ઉદ્દેશ્ય આપણા દેશમાં ભારતીય સંસ્કૃતિ-સભ્યતા, સુશાસન, સુવ્યવસ્થા અને આદર્શ સિદ્ધાન્તોની પુનઃ સ્થાપના કરવાનો હતો. એ ઉદ્દેશ્યને નજર સમક્ષ રાખીને જ ક્રાન્તિકારી દેશભક્તોએ તન-મન-ધનનો ત્યાગ કરી અનેક કષ્ટો-યાતનાઓને સહન કરી પોતાનાં પ્રાણોની આહુતિઓ પણ આપી દીધી હતી. પરંતુ અત્યંત દુઃખની વાત છે કે બ્રીટીશ શાસનકાળમાં જે અવ્યવસ્થા, ભ્રષ્ટાચાર, લૂંટફાટ, અન્યાય, શોષણ અને અપરાધોએ જેવું વિકરાળ સ્વરુપ ધારણ કર્યું હતું તેનાથી વધુ ભયંકર અને વિકૃત રુપ આજે સ્વતંત્ર ભારતની ભૂમિ ઉપર આકાર લઈ રહ્યું છે.

આજે પુનઃ આપણા માટે આત્મચિંતન કરવાનો, મનોમંથન કરવાનો સમય પાકી ગયો છે. દેશ અનેક પ્રકારની ગંભીર સમસ્યાઓથી ઘેરાયેલો છે. આઝાદીનો ઉદ્દેશ પૂર્ણરુપે પ્રાપ્ત કરવામાં આપણે નિષ્ફળ રહ્યાં છીએ. આ પ્રસંગે ભૂતપૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ અબ્રાહિમ લિંકનનો એ સંદેશ રાષ્ટ્રપ્રેમની પરિભાષાનાં સંદર્ભમાં મહત્વપૂર્ણ સિદ્ધ થાય તેવો છે -" હે મારા દેશવાસીઓ ! તમે એવું ન વિચારો કે અમેરિકા તમારા માટે શું કરી રહ્યું છે, પરંતુ એવું વિચારો કે તમે અમેરિકા માટે શું કરી રહ્યાં છો. આ જ શુદ્ધ રાષ્ટ્રપ્રેમ છે." આવો, આજે આપણે પણ વિચારીએ કે આપણે ભારત માટે શું કરી રહ્યા છે.

અગ્નિપથ(સાપ્તાહિક)

કચ્છ કડવા પાટીદાર, સમાજ વાડી, બોરીવલી ખાતે વૈદિક સત્સંગનો કાર્યક્રમ યોજાયો

# જીવાત્માની દરેક ક્રિયા અને કર્મ સુખની પ્રાપ્તિ માટે જ હોય છે : શ્રીચંદ્રેશજી આર્ય

બોરીવલી

મૂળ લુડવા તા. માંડવી કચ્છના પ્રેમજીયાણી પરિવારના બાપા શ્રી નાનજીભાઈ હરજીભાઈના મુંબઈ બોરીવલી ખાતે રહેતા ચારેય પુત્રોના પરિવારના પુરુષાર્થ અને પ્રયાસોથી સમયાંતરે બોરીવલી, મુંબઈ ખાતે વૈદિક સત્સંગોનું આયોજન થતું રહે છે. આવો જ અકે કાર્યક્રમ ગત તા. ૨૭મી જુલાઈના રોજ રવિવારે શ્રી પરેશભાઈ અને શ્રી અજીતભાઈના પ્રયાસોથી બોરીવલી મુંબઈની કચ્છ કડવા પાટીદાર સમાજની વાડીમાં યોજાઈ ગયો. વૈદિક કાર્યક્રમના પ્રવક્તા શ્રી ચંદ્રેશજી આર્ય ખાસ ગાંધીધામથી પધારેલા હતા.

કાર્યક્રમના પ્રારંભે પ્રેમજીયાણી પરિવારની દિકરીઓ સુશ્રી પ્રાચી અને સુશ્રી આયુશી દ્વારા રાષ્ટ્રભક્તિ ગીતનું ગાન કરવામાં આવેલ હતું.

ત્યારબાદ વૈદિક પ્રચારક શ્રી ચંદ્રેશજી આર્યએ 'સુખ કહા હૈ?' એ વિષય પર પોતાનું વૈદિક પ્રવચન શરુ કરતાં જણાવ્યું હતું કે આપણે સૌ સદીઓથી આપણી ખોવાયેલી ચીજ સુખને શોધીએ છીએ. સુખને શોધવા સારો પુરુષાર્થ અને પ્રયત્ન કરીએ છીએ છતાં સુખ મળતું નથી. સુખ ક્યાં ગુમ થઈ ગયું છે. દરેક જીવાત્માની દરેક પ્રક્રિયા કે કર્મ સુખની પ્રાપ્તિ માટે જ હોય છે. શ્રી ચંદ્રેશજીએ જણાવ્યું હતું કે સુખ ત્યાં છે જ્યાં પરસ્પર પ્રેમ છે. આજનો કંજૂસ વ્યક્તિ પરસ્પર પ્રેમનો પ્રસાદ આપવામાં પણ કંજુસાઈ કરે છે. પરસ્પર પ્રેમ વગર સુખ મેળવવાની આશા વ્યર્થ છે. જે વ્યક્તિ પોતાના પરિવારના સદસ્યો પ્રત્યે પ્રેમ દર્શાવી શકતો નથી તે વ્યક્તિ પાડોશી માટે કે સમાજના લોકો માટે પ્રેમની પરબ ક્યાંથી ખલી શકશે? જે જગ્યાએ પરસ્પર પ્રેમની લાગણીઓ હોય ત્યાં માંગણીઓ હોતી નથી. આજનો આધુનિક વિકસીત વ્યક્તિ, વ્યક્તિઓ કરતાં વસ્તુઓને વધુ પ્રેમ કરે છે. પરિણામે પરિવાર, સમાજ કે રાષ્ટ્રમાં સુખની માત્રા ઓછી થતી જાય છે. પ્રેમ પણ એ વ્યક્તિ જ કરી શકે જેનામાં સ્વાર્થ વૃત્તિ ના હો. આજનો સ્વાર્થી માણસ ત્યાગ વૃત્તિને જાણતો જ નથી. ત્યાગ કરવામાં જે સુખનો સથવારો મળે તે ભોગ કરવાથી મળતો નથી. આ વૈદિક વાત ભૌતિકવાદીઓને સમજમાં આવશે ત્યારે પરિવાર, સમાજ અને રાષ્ટ્રમાં સુખનો સુરજ ઉગશે.

વૈદિક વાતોને આગળ વધારતા શ્રી ચંદ્રેશજીએ જણાવ્યું હતું કે જ્યાં આજે એવી દુરાવસ્થા આવી છે કે પરિવારોમાં ચાલીસ-ચાલીસ વર્ષો સાથે રહેવાવાળા લોકોમાં પણ પરસ્પર વિશ્વાસ નથી. તો કોઈ કોના માટે ત્યાગ કરશે? વિશ્વાસના વહાણો ઉપર જ દુનિયાના વ્યવહારો ચાલતાં હોય છે. પણ આજે તો વિશ્વાસના વહાણો જ ડૂબી રહ્યા છે, ત્યારે આવી વિકટ પરિસ્થિતિમાં સુખની અપેક્ષા રાખવી જ ક્યાં? સુખની શોધ માટે પરસ્પર વિશ્વાસના સેતઓ બાંધવા સમાજે પુરુષાર્થ કરવો જોઈએ. કાર્યક્રમના પૂર્વાર્ધમાં શ્રી ચંદ્રેશજીએ જણાવ્યું હતું કે વિશ્વાસના સેતુઓના બંધનથી જ સંગઠનની સાંકળ રચાય છે. સંગઠનની સાંકળ જ સમાજને સુખ તરફ લઈ જાય છે. સંગઠનની સાંકળ જેટલી મજબૂત



હશે તેટલું સુખ સોનેરી હશે. વૈદિક મંત્રનો ઉલ્લેખ કરી શ્રી ચંદ્રેશજી આર્યએ જણાવ્યું હતું કે મહાભારતવાળા લડાઈ-ઝઘડાના રોગથી સૌ મુક્ત થઈ એક સમાન વિચાર,વાણી અને વ્યવહારવાળા સૌ ઈશ્વરને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ ! અમારી માનસિક અને આત્મિક શક્તિ એક થાવો અને અમો સૌ સુખનું ગ્રહણ કરીએ. કાર્યક્રમ વખતે જોરદાર વરસાદ વચ્ચે પણ લોકો બોરીવલી ઉપરાંત દહીંસર અને થાણાથી પણ ખાસ પધાર્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રીમતિ અરૂણાબેન, સુશ્રી પ્રાચી, શ્રી મીતકુમાર શ્રી સાગર કુમાર, શ્રી અજીતભાઈ, શ્રી પરેશભાઈ ઉપરાંત સમગ્ર પ્રેમજીયાણી પરિવારનો સાથ અને સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમની આભારવિધિ શ્રી પરેશભાઈ પ્રેમજીયાણીએ કરી હતી.

વૈદિક વિરાંગના દલ દ્વારા આયોજન

# जयपुर में लडकियों व महिलाओं के लिए निःशुल्क आवासीय शिबिर

जयपुर

**वैदिक विरांगना दल की और से लडकियों व महिलाओं के लिए एक निःशुल्क आवासीय शिबिर का आयोजन किया गया है।**

**वैदिक विरांगना दल की राष्ट्रीय अध्यक्षा अनामिका शर्मीने बताया की ये शिबिर जयपुर में दिनांक १ सितम्बर, २०१४ से २८ फरवरी, २०१५ तक लगाया जा रहा है। इस शिबिरमें आर्य समाज तथा वैदिक धर्म के परिचय के साथ साथ हवन का प्रशिक्षण भी दिया जायेगा साथ ही जो लडकियां व महिलाएं कला संकाय की १२ वी कक्षा की परीज्ञा देना चाहती है उतका प्राइवेट फार्म भी भरवा दिया जाएगा व उनको पढाकर परीक्षा दिलवा दी जाएगी। इस शिबिर में सिलाई, गायन व ध्यान के साथ ही अंग्रेजी व संस्कृत विषय का भी प्रशिक्षण दिया जाएगा तथा यह शिबिर पूर्ण रुप से निःशुल्क रहेगा।**

**इस शिबिर में भाग लेने के लिए अनामिका शर्मा फोन : ०१४१ - २५२५८७०, मो. ०९८२९६६५२३१ का संपर्क करने को एक अखबारी गादी में अनुरोध किया गया है।**

આર્યસમાજ, ભાવનગર દ્વારા

# ત્રિદિવસીય વૈદિક સત્સંગના કાર્યક્રમનું આયોજન કરાયું

ભાવનગર

આર્યસમાજ, સરદાર નગર, ભાવનગર દ્વારા આગામી તા. ૨૯મી ઓગષ્ટ થી ૩૧મી ઓગષ્ટ ૨૦૧૪ દરમ્યાન આચાર્ય વિદ્યાદેવજીની અધ્યક્ષતામાં ત્રિદિવસીય વૈદિક સત્સંગનો કાર્યક્રમ યોજાશે.

તા. ૨૯મી ના રોજ સવારે ૮:૩૦ થી ૧૦:૦૦ દરમ્યાન યોજાનાર સત્સંગમાં 'ભગવાન કોને કહેવાય? અને તેની વિષય પૂજા કેવી રીતે થાય ? આ ઉપરાંત ઈશ્વર અને ભગવાન વચ્ચે કોઈ ફર્ક છે કે કેમ ? એ વિષય ઉપર પ્રવચન યોજાશે.

તા. ૩૦મી ના રોજ સવારે ૮:૩૦ થી ૧૦:૦૦ દરમ્યાન 'ઈશ્વરનું સ્વરૂપ, આત્મા અને પરમાત્માનો ભેદ - તફાવત એ વૃષિય ઉપર તથા સાંજે ૮:૩૦ થી ૧૦:૦૦ દરમ્યાન ધર્મ એટલે શું ? અને તેના ત્રણ સ્વરૂપ યજ્ઞ,દાન અને સ્વાધ્યાય સંદર્ભે વ્યાખ્યાન યોજાશે.

અંતિમ દિવસે તા. ૩૧મી ઓગષ્ટન રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦ સુધી શ્રાદ્ધ એટલે શું ? તે કેવી રીતે કરાય એ વિષય પર તથા સાંજે ૫:૩૦ થી ૭:૦૦ દરમ્યાન તીર્થ એટલે શું ? તીર્થ-યાત્રા કરવાથી પૂણ્ય પ્રાપ્ત થાય કે કેમ ? એ વિષય પર આચાર્ય વિદ્યાદેવજીનું મનનીય પ્રવચન યોજાશે.



આર્યસમાજ, સરદારનગર, ભાવનગર ના સત્સંગ હોલમાં યોજાનાર આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રમુખ શ્રી રાજેશભાઈ પારેખ, ઉપપ્રમુખ શ્રી લવજીભાઈ પટેલ તથા ટ્રસ્ટી શ્રી રામદેવભાઈ પારેખ દ્વારા સર્વે ધર્મપ્રેમી વૈદિક પરિવારોને સપરિવાર આ કાર્યક્રમનો લાભ લેવા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.


ओ३म् अस्माकं वीरा उत्तरे भवन्तु

**અગ્નિપથ**

- ⇨ સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- ⇨ વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- ⇨ વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- ⇨ બાળકો માટે ઉપદેશ કથા.
- ⇨ સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- ⇨ વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ⇨ ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- ⇨ રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com


# નૈતિક મૂલ્યોને અપનાવ્યા વિના વ્યક્તિ, સમાજ અને દેશનું કદાપિ ભલું થઈ શકે નહિ

સદાચાર એટલે શું ? સદ્+આચાર = સદાચાર. સદ્ અર્થાત સારું, ઉત્તમ, શ્રેષ્ઠ તેમજ આચાર એટલે વ્યવહાર, બોલચાલની ભાષામાં ચાલચલગત. જે વ્યક્તિનો વ્યવહાર કે ચાલચલગત સમાજના સ્તર પર ઉત્તમ, સારી, શ્રેષ્ઠ હોય તેને સદાચારી કહેવાય છે. જે વ્યક્તિ, પરિવાર, સમાજ તથા રાષ્ટ્રમાં જયાં સુધી સદાચાર જીવિત રહે છે ત્યાં સુધી તે વ્યક્તિ, પરિવાર,સમાજ તથા રાષ્ટ્ર પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરતો રહે છે તથા બીજા વ્યક્તિઓ, પરિવાર, સમાજ તેમજ રાષ્ટ્ર તેનાથી હાર માને છે, નતમસ્તક રહે છે.

હવે સદાચારી વ્યક્તિના ગુણ, કર્મ અને સ્વભાવનું સંક્ષેપમાં વર્ણન કરીએ. સદાચારી વ્યક્તિનું શરીર સ્વસ્થ તેમજ સુંદર જોવા મળશે. ચહેરો આકર્ષક હશે. બોલચાલમાં સંયમ, નમ્રતા, સન્માનજનક ભાષા, સર્વદા અન્ય પ્રત્યે સહયોગ-સહાનુભૂતિ તેમના જીવનનો આધાર હોય છે. બ્રહ્મચર્ય પાલન, વિદ્યાધ્યયન, સ્વાધ્યાય, પ્રાતઃ સાયં સન્ધ્યા ઉપાસના તથા નિરાકાર, સર્વશક્તિમાન, સર્વવ્યાપક ઈશ્વરમાં આસ્થા રાખનાર અને જીતેન્દ્રિય બનવાનો ભરપૂર પ્રયાસ કરતો હોય છે. અતિથિ સેવા-સત્કારમાં સદા તત્પર રહેનાર હોય છે. વૈદિક નિયમાનુસાર જીવનચર્યા રાખવામાં પોતાનું સૌભાગ્ય સમજતો હોય અને પરમાત્મા દ્વારા પ્રાપ્ત શરીર,મન, બુદ્ધિ,ચિત્ત, ઈન્દ્રિયો આદિનું સુંદર શરીર, સારું જગત અને તેમાં સ્થિત સૂર્ય,ગ્રહો, ઉપગ્રહો, નદી-નાળાં, ઝરણાં, ખનિજો, ફળ, ફૂલ, ઔષધિ, વૃક્ષ-વનસ્પતિ, અન્ન આદિના કૃપાદાન પ્રત્યે ઈશ્વરને કોટિ-કોટિ આભાર પ્રગટ કરતો હોય છે. વાસ્તવમાં આવા યુવાનો, પુરુષો તેમજ મહિલાઓ સમાજ તેમજ રાષ્ટ્રની ધરોહર કહેવાય છે. આવા પુરુષોના ચારિત્રિક બળ ઉપર જ રાષ્ટ્ર શક્તિશાળી બને છે નહિ કે કેવળ સોના, ચાંદી અને અન્ય ધાતુઓના ખજાનાથી.

ઉપર્યુક્ત ગુણોને જ નૈતિકતા કહેવાય છે. આવા ગુણોને ધારણ કરનાર વ્યક્તિ કે સમાજને ચરિત્રવાન કહી શકાય છે. નૈતિક મૂલ્ય અને ચરિત્ર એક જ સિકકાની બે બાજુ છે, આ એકબીજાના પૂરક છે. જ્યાં નૈતિકતા છે ત્યાં ચરિત્ર છે અને જયા ચરિત્ર છે ત્યાં નૈતિકતા છે.

હવે જોઈએ કે આવા વ્યક્તિઓથી સમાજ કે રાષ્ટ્રનું નિર્માણ કેવી રીતે થાય છે. આ ગુણો આપણને આપણા પૂર્વજો અર્થાત્ માતા-પિતા, આચાર્ય, સમાજસેવકો, રાજનેતાઓથી વિરાસત રુપે પ્રાપ્ત થાય છે. આજકાલ માતા-પિતા, અધ્યાપકો, સમાજસેવકો, ધર્મગુરુઓ, ધર્મપ્રચારકો અને રાજનેતાઓ દ્વારા ફરીયાદ એ જ રહેલી છે કે આજે નૈતિક મૂલ્યો નષ્ટ થઈ ચૂક્યા છે, ચરિત્ર તેમજ સદાચાર લુપ્તપ્રાયઃ થઈ ગયા છે. આશ્ચર્ય એ વાતનું છે કે જે વ્યક્તિઓને સમાજ સદાચારી, ચરિત્રવાન માને છે તેઓ જ સદ્ગુણરહિત, કેવળ ઉપદેશ, ભાષણ, પ્રવચન દેનારા મળે છે. જેમકે રામચરિતમાનસમાં લખ્યું છે - 'पर उपदेश कुशल बहुतेरे जे आचरहिं ते नर न घनेरे' અર્થાત્ તેઓના ભાષણ અને પ્રવચન બીજા માટે હોય છે, સ્વયંના આચરણ માટે નહિ. આથી એ લોકો માટે એમ કહી શકાય કે બાવળના ઝાડ રોપનારાઓએ કેરી ખાવાની આશા રાખવી નિરર્થક છે.

પ્રતિદિન આપણે સમાચાર પત્રોમાં વાંચીએ છીએ કે અમુક રાજનેતાએ આટલા કરોડો રૂપિયાનો ગોટાળો કર્યો, અમુક ધર્મગુરુ સદાચારી ભાવુક છોકરીનું અપહરણ કરી લઈ ગયો અને હવે તે બળાત્કારના કેસમાં ફસાઈ ગયો. અમુક અધ્યાપકે રૂપિયા લઈ નકલ કરાવતા પકડાઈ ગયો. બીજી તરફ અમુક ગામમાં કે શહેરમાં નિર્દોષ યુવતીને દહેજ માંગતા રાક્ષસોએ કેરોસીન નાંખી સળગાવી નાંખી. અમુક યુવકે પોતાની પિત્રાઈ બહેન કે કથિત પ્રેમિકા તરફથી કામવાસના પૂરી ન થવાથી ઝેર ખાઈને કે પંખા પર લટકીને આત્મહત્યા કરી નાંખી. આ છે આજનો વ્યક્તિ, સમાજ તેમજ દેશમાં ચાલી રહેલ વાતાવરણનો નગ્ન ચિતાર-વાસ્તવિક ચિત્રણ.

હવે સંક્ષેપમાં દુરાચારનું વર્ણન કરવામાં આવે છે. દુરાચારી વ્યક્તિ સ્વાર્થી, લોભી, કામી, ક્રોધી હોય છે અને પોતાના લક્ષ્યની પૂર્તિમાટે જૂઠ, છળ, કપટ, ઢોંગ, છેતરપીંડી તેમજ બગલા ભગત બની કંઈ પણ કરી શકે છે. તે કદી પોતાનો દોષ માનતો જ નથી 'स्वार्थी दोषो न पश्यति'. તુલસીદાસે કહ્યું છે -'नहिं असत्य सम पातक दूजा' અર્થાત્ અસત્ય બોલનારા માટે દુનિયામાં એવું કયુ પાપ છે જે તે કરી ન શકે.

સંસ્કૃતમાં કહેવત છે 'एकां लज्जां परित्यज्य विजयी सर्वत्र भवेत्' અર્થ્સ્ 'जिसकी उत्तर गई लोई उसका क्या करेगा कोई'. કહ્યું છે - 'शुचातु शुभ कर्मणो द्रवति इति शुद्रः' અર્થાત્ શુભ કર્મોથી જે પતિત થાય તે શુદ્ર બની જાય છે.

મહાન ગ્રંથ મહાભારતમાં લખેલ છે કે જેમ વૃદ્ધાવસ્થા સુંદર રુપને, નિરાશા, ધીરતાને, મૃત્યુ પ્રાણોને, અસૂયા (ચુગલી) ધર્માચરણને, ક્રોધ લક્ષ્મીને, નીચ પુરુષોની સેવા સત્સ્વભાવને, કામ લજ્જાને અને અભિમાન સર્વસ્વને નષ્ટ કરી નાંખે છે તે જ રીતે ચરિત્રહીનતા મનુષ્યનું જીવન બરબાદ કરી નાંખે છે.

અંગ્રેજી ભાષામાં એક કહેવત છે કે "If wealth is lost, nothing is lost. If health is lost something is lost. If caracter is lost everything is lost" અર્થાત્ ધનસંપત્તિ ચાલી જાય તો કોઈ વાંધો નથી કમાઈ લેવાશે. જો શરીર નબળું થઈ જશે તો કંઈક નુકશાન થશે, વ્યાયામ અને ઉપચાર દ્વારા પુનઃ શરીર સ્વસ્થ કરી શકાય છે. પરંતુ જો મનુષ્ય આચરણથી પતિત થઈ જશે તો સમજો કે સર્વકંઈ તેણે ગુમાવી દીધું છે. કારણ કે કહેવાયું છે - 'आचारहीनं न पुनन्ति वेदाः' અર્થાત્ વેદ પણ આચરણહીન વ્યક્તિને પવિત્ર કરી શકતો નથી. કવિએ લખ્યું છે -'गिरि से गिर कर जो मरे, मरे एक ही बार, चरित्र गिरि से जो गिरे बिगडे जन्म हजार'।

નૈતિક મૂલ્યોને વ્યવહારિક જીવનમાં અપનાવવાથી જ મનુષ્ય સદાચારી બની શકે છે. અહીં હું આધુનિક યુગના મહાન વિચારક તેમજ દૃષ્ટા ઋષિ અરવિંદના શબ્દોમાં નૈતિક મૂલ્યોની પરાકાષ્ઠા પ્રકટ કરું છું. "Human values are not deceiptive or false.

**જે વ્યક્તિઓને સમાજ સદાચારી, ચરિત્રવાન માને છે તેઓ જ સદ્ગુણરહિત, કેવળ ઉપદેશ, ભાષણ, પ્રવચન દેનારા મળે છે.**

These are true and serve as pointers how ever dim to something that is yet to come and to reach where the human beings torelessly strive to arrive" અર્થાત્ નૈતિક મૂલ્યોની સાર્થકતા આજે પણ એટલી જ છે જેટલી રામાયણ કે મહાભારત કાળમાં હતી. જુઓ જેટલા પણ ધર્મ, સમાજ કે સંગઠનના સ્થાપકો છે જેવા કે મહર્ષિ દયાનંદ, ગુરુ ગોવિંદ સિંહ, ગુરુ નાનકદેવ, ગુરુ જમ્ભેશ્વર, મહાવીર, ગૌતમ બુદ્ધ આદિ બધાએ ત્યાગ, તપસ્યા, બલિદાન, બ્રહ્મચર્ય, જીતેન્દ્રિયતં 'सर्वजन हिताय व सर्वजन सुखाय' નૈતિક મૂલ્યોને જીવનમાં ધારણ કરીને જ આટલા ઉચ્ચ કોટિના માનવ બની પ્રાણીમાત્રનું કલ્યાણ કર્યું અનેઋષિ મહર્ષિ ગુરુઓ અને દેવતાઓની શ્રેણી પ્રાપ્ત કરી સર્વત્ર માન્ય તેમજ પૂજ્ય છે.

આવો, જાગીએ, ઉઠીએ અને નૈતિક મૂલ્યોને જીવનમાં અપનાવી પોતાના ગુરુઓ ઋષિઓએ બતાવેલ માર્ગ પર ચાલી આપણું તેમજ આપણા સમાજનું પુનઃનિર્માણ કરીએ જેથી આપણો સમાજ અને દેશ એક શક્તિશાળી રાષ્ટ્રના રુપમાં પ્રગટ થઈ સારાય સંસારનો માર્ગદર્શક બની શકે.

એક મહાન વિચારક તેમજ દાર્શનિક શેખ શાદીએ લખ્યું છે કે જો રાજનેતા તેમજ ધર્મપ્રચારક અને વિચારક જે કંઈ કહે છે તે મુજબ જો કરવામાં આવે તો આખી દુનિયાનો નકશો જ કેવળ એક સપ્તાહમાં જ બદલાઈ જાય અને આ ધરતી પર સ્વર્ગ ઉતરી આવે. આથી સારાંશ રુપમાં કહી શકાય કે નૈતિક મૂલ્ય જ ચરિત્રનો આધાર સ્તંભ છે અને સદાચારનું જીવન ચરિત્રનું બીજું નામ છે. આને અપનાવ્યા વિના વ્યક્તિ સમાજ અને દેશનું કદાપિ ભલું થઈ શકે નહિ, કારણ કે 'સદાચાર જ વ્યક્તિનો શ્રૃંગાર, સમાજનો પુનરુદ્ધાર અને રાષ્ટ્રની શક્તિનો મૂળ આધાર છે.'

**- આર્ય અંત્તર સિંહ, હિસાર**


માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અરવિંદ કે રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ જી.આઈ.ડી.સી., સેક્ટર - ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર - ૨૧, ગાંધીનગર -૩૮૨૦૨૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. ફોન (૦૭૯)૨૩૨૧૦૦૭૧ ઈ-મેઈલ : agnipathgnr@gmail.com

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS G.I.D.C., SECTOR - 28, GANDHINAGAR. PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR - 21, GNADHINAGAR - 382021 PHONE : (079) 23210071. E-MAIL : agnipathgnr@gmail.com